ચાર ચાર સિસ્ટમ સક્રિય હોવાથી આગામી 48 કલાક રાજ્ય માટે અતિભારે

# દ.-મ.ગુજરાતના 13 જિલ્લામાં આજે રેડ એલર્ટ

**25મીએ** પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં રેડ એલર્ટ

**30મી** જુલાઈ સુધી વરસાદની આગાહી, ત્યારબાદ વરસાદ ઘટશે

ગાંધીનગર: દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા મેઘતાંડવે જનજીવનને અભૂતપૂર્વ રીતે ખોરવી નાખ્યું છે. પરંતુ પરિસ્થિતિ હજુ પણ કાબુમાં આવી નથી. ભારતીય હવામાન વિભાગે 24 જુલાઈએ દક્ષિણ અને મધ્ય ગુજરાતના 13 જિલ્લાઓમાં અત્યંતથી અતિભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરતાં આગામી 48 કલાક રાજ્ય માટે વધુ પડકારજનક રહેવાની ચેતવણી આપી છે.

હવામાન વિભાગ અનુસાર, વાતાવરણમાં મોન્સૂન ટ્રફ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને શિયર ઝોન સક્રિય હોવાથી વરસાદી માહોલ યથાવત રહેશે. વિભાગ દ્વારા ૨૪ જુલાઈએ પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તથા દમણ અને દાદરા-નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે ૨૫ જુલાઈએ ઉત્તર ગુજરાતના પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' રહેશે. આગામી ૨૯ અને ૩૦ જુલાઈ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા ૨૪ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા અને નીચાણવાળા વિસ્તારના લોકોને અફવાઓથી દૂર રહી સુરક્ષિત સ્થળે રહેવા અપીલ કરવામાં આવી છે. 24થી 27 જુલાઈ દરમિયાન ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી ભારે અને અનેક સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 28થી 30 જુલાઈ દરમિયાન વરસાદની તીવ્રતા ધીમે ધીમે ઘટશે, પરંતુ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. માછીમારોને 24 જુલાઈ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

## પૂરની સ્થિતિને પગલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી નવસારી-વલસાડ પહોંચ્યા

**આર્મી**, NDRF-SDRF અને ફાયર બ્રિગેડ મેદાને, 10 વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપાઈ

ગાંધીનગર: દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાના વિકરાળ તાંડવ વચ્ચે રાજ્ય સરકારે સંપૂર્ણ સરકારી તંત્રને યુદ્ધના ધોરણે મેદાને ઉતારી દીધું છે. વલસાડ, નવસારી, સુરત અને તાપી જિલ્લામાં સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન હેઠળ બચાવ, રાહત અને સ્થળાંતરની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પરિસ્થિતિનો તાગ મેળવવા તાબડતોડ નવસારી પહોંચ્યા હતા અને અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરીને કોઈપણ અસરગ્રસ્ત નાગરિક સુધી સહાય પહોંચાડવામાં વિલંબ ન થાય તેવા કડક નિર્દેશો આપ્યા હતા. બીજી તરફ વલસાડ જિલ્લામાં બચાવ કામગીરી વધુ ઝડપી બને તે માટે રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી 10 વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપી છે, જ્યારે આર્મી, NDRF, SDRF, ફાયર બ્રિગેડ અને સ્થાનિક વહીવટી તંત્રે સંયુક્ત બચાવ અભિયાન શરૂ કર્યું છે.

વલસાડ જિલ્લામાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. જિલ્લા વહીવટી તંત્રની મદદ માટે આર્મીના 70 જવાનો, પાંચ બોટ, NDRFની ત્રણ કાર્યરત તથા બે વધારાની એમ કુલ પાંચ ટીમો, SDRFની પાંચ ટીમો અને ફાયર બ્રિગેડના 25 જવાનોને મેદાને ઉતારવામાં આવ્યા છે.

ઉમરગામ, વાપી, ધરમપુર અને પારડી સહિતના વિસ્તારોમાંથી 500થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નાનાપોંઢાના કોપરલી નજીક પૂરના પાણીમાં ફસાયેલી 35 મુસાફરો ભરેલી બસનું પણ સમયસર સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રભારી મંત્રી નરેશ પટેલે પણ વલસાડ પહોંચીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી.

નવસારી જિલ્લામાં રાજ્યના નાણાં મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી. જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીના જણાવ્યા મુજબ બપોરે બે વાગ્યા સુધી સરેરાશ 4.5 ઈંચ વરસાદ નોંધાયો હતો,

જ્યારે જૂજ અને કેલિયા ડેમ ઓવરફ્લો થતાં જિલ્લાના લગભગ 250 રસ્તા બંધ કરવામાં આવ્યા છે અને અંદાજે 3,000 નાગરિકોને સલામત આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. પ્રભારી મંત્રીએ આશ્રયસ્થાનોમાં આરોગ્ય, સ્વચ્છતા, પીવાના પાણી, ભોજન અને વિવિધ વિભાગો વચ્ચે અસરકારક સંકલન જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

### છેલ્લા 24 કલાકમાં 213 તાલુકાઓમાં સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સરેરાશ 213 તાલુકાઓમાં 44.18 મીમી વરસાદ નોંધાયો છે. ઝોનવાર વરસાદની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 183.36 મીમી વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 28.43 મીમી, મધ્ય-પૂર્વ ગુજરાતમાં 17.72 મીમી, ઉત્તર ગુજરાતમાં 7.22 મીમી અને કચ્છમાં માત્ર 0.26 મીમી વરસાદ નોંધાયો છે. રાહત કમિશનરના જણાવ્યા મુજબ અત્યાર સુધી રાજ્યમાં 9,929 લોકોનું સ્થળાંતર અને 3,745 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. નવી દિલ્હી અને ઓડિશાથી વધારાની NDRF ટીમો પણ મોકલવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં 4 રાષ્ટ્રીય ધોરીમાર્ગ, 7 રાજ્ય ધોરીમાર્ગ અને પંચાયતના 1,100થી વધુ રસ્તાઓ સહિત કુલ આશરે 1,200 માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો છે. વીજ પુરવઠો પ્રભાવિત થયેલા 3,454 ગામોમાંથી 3,419 ગામોમાં સેવા પુન:સ્થાપિત કરવામાં આવી છે.

### પીએમ મોદીએ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને સ્થિતિનો ચિતાર મેળવ્યો છે, હરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોતે નવસારી પહોંચી સ્થાનિક સ્તરે કામગીરીનું નિરીક્ષણ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર થી મોનિટરિંગ કરી રહ્યા છે.

## ઉકાઈ ડેમમાં સિઝનમાં પહેલી વખત 92 હજાર ક્યુસેક પાણીની આવક

**ઉપરવાસમાં** છેલ્લા 48 કલાકથી સતત વરસાદ, ડેમની સપાટી વધીને 314.25 ફૂટે પહોંચી

સુરત: ઉકાઈ ડેમના ઉપરવાસમાં છેલ્લા 48 કલાકથી શરૂ થયેલા વરસાદના કારણે ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. કેચમેન્ટ વિસ્તારમાં નોંધાયેલા વ્યાપક વરસાદને પગલે ઉકાઈ ડેમમાં આજે સિઝનની સૌથી વધુ 92 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. સતત વધી રહેલી આવકને કારણે ડેમની જળસપાટી વધીને 314.25 ફૂટ પર પહોંચી છે.

ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે નદીપ્રવાહમાં વધારો થયો છે અને તેની સીધી અસર ઉકાઈ ડેમમાં પાણીની આવક પર જોવા મળી રહી છે. હાલ વરસાદી માહોલ યથાવત હોવાથી આગામી દિવસોમાં પણ પાણીની આવકમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં અનેક સ્થળોએ નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કાકડીમ્બામાં 120 મીમી અને ઉકાઈમાં 115 મીમી વરસાદ નોંધાયો છે. ઉપરાંત સાગબારામાં 87 મીમી, ચોપડવાવમાં 80 મીમી, ચાંદપુરમાં 64 મીમી, ગીધાડેમાં 44 મીમી અને શીંદખેડામાં 41 મીમી વરસાદ નોંધાયો છે. આ સિવાય શીરપુરમાં 29 મીમી, નિઝામપુરમાં 29 મીમી, અકોલામાં 28 મીમી, નંદુરબારમાં 28 મીમી, લખપુરીમાં 24 મીમી, ધુપેશ્વરમાં 24 મીમી, કુરાનખેડામાં 22 મીમી, ટેસ્કામાં 21 મીમી, ચીકલધરામાં 20 મીમી, સાવખેડામાં 20 મીમી, વેલદામાં 20 મીમી, અક્કલકુવામાં 16 મીમી, તલસવાડમાં 15 મીમી, હથનુરમાં 15 મીમી, ગીરનામાં 15 મીમી, શાહદામાં 14 મીમી, લુહારામાં 12 મીમી, ધુલિયામાં 12 મીમી અને નવાથામાં 10 મીમી વરસાદ નોંધાયો છે.

## સુરત-ઓલપાડ રોડ પર વાહનોની અડફેટે અનેક સાપનાં મોત

**પોતાના** રહેઠાણમાં પાણી ભરાઈ જતાં બહાર આવેલાં સાપ, દેડકાં, કાચબા વગેરે વાહનનો ભોગ બને છે

સુરત: શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા મૂશળધાર વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ વચ્ચે એક ચિંતાજનક સમસ્યા સામે આવી છે. વરસાદી પાણી દર, બિલ અને ખેતરોમાં ભરાઈ જતાં સાપ, કાચબા, દેડકાં સહિતના નાના વન્યજીવો જીવ બચાવવા સલામત સ્થળની શોધમાં બહાર નીકળી રહ્યા છે. રાત્રિના સમયે રોડ ક્રોસ કરતી વખતે આ અબોલ જીવો પૂરઝડપે દોડતા વાહનોની અડફેટે આવી જતાં 'રોડ કિલ'ની ઘટનાઓ વધી ગઈ છે. ગુરુવારે વહેલી સવારે સુરત-ઓલપાડ રોડ પર સરોલીથી તલાદ પાટિયા વચ્ચેના માર્ગ પર મોટી સંખ્યામાં વાહનો નીચે કચડાઈને મૃત્યુ પામેલા સાપ અને અન્ય વન્યજીવો હાલતમાં મળી આવ્યા હતા, જેનાથી વાહનચાલકો અને જીવદયાપ્રેમીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. વન્યજીવ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ખાડી, નદી, ખેતર અને જંગલ નજીકના માર્ગો પર ચોમાસા દરમિયાન રાત્રિના સમયે વન્યજીવોની અવરજવર ખૂબ વધી જતી હોય છે. દર વર્ષે રાજ્યના અનેક માર્ગો પર અસંખ્ય નિર્દોષ જીવો રસ્તા પર વાહનોની ચપેટમાં આવીને પોતાના પ્રાણ ગુમાવે છે. 'રોડ કિલ' એ માત્ર જીવદયા પૂરતો મર્યાદિત મુદ્દો નથી, પરંતુ જૈવવિવિધતાના સંરક્ષણ સાથે જોડાયેલી અત્યંત ગંભીર બાબત છે. રસ્તાઓ પરથી પસાર થતાં આ અબોલ જીવો પ્રત્યે સંવેદનશીલતા દાખવી, ખાસ કરીને વરસાદી રાત્રિ દરમિયાન વાહનચાલકો વાહનની ગતિ ધીમી રાખે તેવી અપીલ પર્યાવરણપ્રેમીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

### ભારે વરસાદના પગલે આજે લેવાનાર ગૌણ સેવા મંડળની વર્ગ-3ની પાંચ પરીક્ષાઓ મુલતવી

ગાંધીનગર: રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે અને અતિભારે વરસાદને પગલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળએ મહત્વનો નિર્ણય લઈ આવતીકાલ 24 જુલાઈ, 2026ના રોજ યોજાનારી વર્ગ-3 સંવર્ગની પાંચ સ્પર્ધાત્મક પરીક્ષાઓ હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. ગૌણ સેવા મંડળના સચિવ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર જાહેરનામા મુજબ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાવા, વાહનવ્યવહાર ખોરવાવા અને પૂરની સ્થિતિ સર્જાવાની શક્યતા હોવાથી ઉમેદવારોને મુસાફરીમાં મુશ્કેલી ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં આવતીકાલ તા. 24 જુલાઈ, શુક્રવારે સવારે 9:00થી બપોરે 12:00 દરમિયાન યોજાનારી મહેસૂલ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સહિત કુલ પાંચ જાહેરાત ક્રમાંક હેઠળની વર્ગ-3ની તમામ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. મુલતવી રાખવામાં આવેલી પરીક્ષાઓની નવી તારીખો ટૂંક સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઉમરપાડામાં 24...

નજીક વહી રહી હતી. તો માંડવીનો કાકરાપાર વિયર 4 ફૂટ ઓવરફ્લો થયો છે અને તાપી નદી બે કાંઠે વહી રહી છે. માંડવીના આમલી ડેમના 7 દરવાજા ખોલાયા હતા. તો 27 ગામને એલર્ટ કરાયાં છે. લાખી ડેમ પણ ઓવરફ્લો થયો હતો. માંગરોળમાં કોઠવા ગામ સંપર્કવિહોણું બન્યું હતું.

ભરૂચ જિલ્લામાં સૌથી વધુ વરસાદ નેત્રંગ તાલુકામાં 14.44 ઈંચ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી ૪૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. નદીઓ અને ખાડીઓમાં ઘોડાપૂર આવતાં ૧૯૧ રસ્તાઓ પ્રભાવિત થયા છે. ડોલવણ નજીક રોડના ખાડાને કારણે બાઈક સ્લિપ થતાં ટ્રક નીચે આવી જવાથી એક યુવકનું મોત નીપજ્યું હતું. નર્મદા ડેમ 127.82 મીટર, કરજણ ડેમ 104.95 મીટર છે. નાના કાકડીઆંબા ડેમ 183.30 મીટર અને ચોપડવાવ ડેમ 184.00 મીટરની સપાટી તથા ગરૂડેશ્વર પાસે નર્મદા ગેજ લેવલ 14.130 હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. બારડોલીમાં 7 ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. મુશળધાર વરસાબારડોલીમાં 7 ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. મુશળધાર વરસાદને પગલે બારડોલીમાંથી પસાર થતી મીંઢોળા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. બલેશ્વર ખાડીની જળસપાટીમાં ભયજનક વધારો નોંધાયો હતો. તેમજ કડોદરા નજીક મુખ્ય રસ્તા પર ભારે પ્રમાણમાં પાણી ભરાઈ જતાં વાહન વ્યવહારને સીધી અસર પહોંચી હતી.

### સુરત શહેર-...

24 જવાનો સમાવિષ્ટ છે). SDRF-3ની ટીમ સચિન કનકપુર ખાતે (જેમાં ગ્રુપ-7 નડિયાદના કુલ 32 જવાનો છે), SDRF-4ની ટીમ ઉમરા કમ્યુનિટી હોલ ખાતે તૈનાત છે, જ્યારે SDRF-5ની ટીમ ઉન વિસ્તારમાં, ગ્રુપ 9 પ્લેટૂન 2) છે.

### મોબાઈલમાં સાયરન...

ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ વિસ્તારોના નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા, હવામાન અને તંત્રની સત્તાવાર સૂચનાઓ પર નજર રાખવા તેમજ જરૂરી સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે. આ એલર્ટ સામાન્ય એસએમએસ નહીં પરંતુ સેલ બ્રોડકાસ્ટ ટેક્નોલોજી દ્વારા મોકલવામાં આવ્યો હતો. આ પદ્ધતિમાં નિર્ધારિત વિસ્તારમાં નેટવર્ક સાથે જોડાયેલા તમામ મોબાઈલ ફોન પર એકસાથે ચેતવણીનો સંદેશ પહોંચાડવામાં આવે છે. તેમાં મોબાઈલ નંબર અથવા ઈન્ટરનેટની જરૂર પડતી નથી અને આપત્તિ જેવી સ્થિતિમાં ખૂબ ઓછા સમયમાં મોટી સંખ્યામાં લોકોને ચેતવણી પહોંચાડવી શક્ય બને છે. જોકે, આ મોબાઈલ પર મેસેજની સાયરને અનેકને ગભરાટમાં મૂકી દીધા હતા. વહીવટી તંત્રે લોકોને અફવાઓથી દૂર રહેવા અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવાની સાથે ભારે વરસાદ દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર ટાળવા, નદી-નાળા, ખાડી અને પાણી ભરાયેલા સ્થળોથી દૂર રહેવા તેમજ કોઈપણ ઈમરજન્સી સર્જાય તો જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબરનો તાત્કાલિક સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.

### રેલવે બ્રિજ...

રોડ વચ્ચેના રેલવે પુલ પર પાણી ભયજનક સપાટીથી ઉપર પહોંચી જતાં સુરત-મુંબઈ રૂટ પરની ટ્રેનોની અવરજવર રોકી દેવાની ફરજ પડી હતી. મુંબઈ તરફ જતી 48 ટ્રેનોને સુરત, નવસારી સુધી જ દોડાવીને રોકી દેવામાં આવી હતી. આ રેલ વ્યવહાર ખોરવાતાં તેની સૌથી માઠી અસર સુરત રેલવે સ્ટેશન પર જોવા મળી હતી, જ્યાં 40 હજારથી વધુ મુસાફરો કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. પ્લેટફોર્મ અને વેટિંગ એરિયા મુસાફરોથી ખચોખચ ભરાઈ ગયા હતા. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, પુલ પર પાણીનું સ્તર ઘટ્યા બાદ અને ટ્રેકની સુરક્ષા તપાસ પૂર્ણ થયા પછી જ ટ્રેન સેવાઓ પુન: શરૂ કરવામાં આવશે. પશ્ચિમ રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરી શરૂ કરતા પહેલા પોતાની ટ્રેનનું સ્ટેટસ ચકાસી લે.

### પાંચ ટ્રેનને ઉધના-જલગાંવ તરફ ડાયવર્ટ કરાઈ

પરિસ્થિતિ ગંભીર બનતાં રેલવે પ્રશાસન દ્વારા વંદે ભારત, રાજધાની, ઓગસ્ટ ક્રાંતિ રાજધાની, ગરીબ રથ, કર્ણાવતી, ડબલ ડેકર અને લોકશક્તિ સહિત કુલ 48 ટ્રેનો રદ કરવામાં આવી હતી. આ ઉપરાંત કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી, જ્યારે 5 લાંબા અંતરની ટ્રેનોને સુરત-ઉધના-પાલધી-જલગાંવ માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

### હેલ્પ ડેસ્ક શરૂ કરાયા, ભોજન વિતરણ કરાયું

ટ્રેન વ્યવહાર ખોરવાતા સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે હેલ્પડેસ્ક શરૂ કરાયું હતું, જ્યારે નવસારી, વાપી, વલસાડ, ઉધના જેવાં સ્ટેશનો પર અટવાયેલા મુસાફરો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તે ઉપરાંત રિફંડ માટે પણ તાત્કાલિક સુવિધા શરૂ કરાઈ હતી. જ્યાં મુસાફરો અટવાતા હતા તે જ સ્ટેશન પરથી રિફંડ આપવામાં આવી રહ્યું હતું.

### રદ મુખ્ય ટ્રેનો

- વંદે ભારત અને રાજધાની: મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વંદે ભારત (22961), મુંબઈ સેન્ટ્રલ-નવી દિલ્હી રાજધાની (12951), ઓગસ્ટ ક્રાંતિ રાજધાની (12953).
- એક્સપ્રેસ અને સુપરફાસ્ટ: બાંદ્રા ટર્મિનસ-હઝરત નિઝામુદ્દીન ગરીબ રથ (12909), મુંબઈ સેન્ટ્રલ-જયપુર સુપરફાસ્ટ (12955), અમદાવાદ કર્ણાવતી (12933), ડબલ ડેકર (12931), લોકશક્તિ એક્સપ્રેસ (22927), બાંદ્રા-ઉદેપુર (22901), પશ્ચિમ એક્સપ્રેસ (12925) અને સ્વરાજ એક્સપ્રેસ (12471).
- પેસેન્જર ટ્રેનો: વાપી-મુંબઈ સેન્ટ્રલ (59040) અને મુંબઈ સેન્ટ્રલ-વલસાડ (59023).

### સુરત ખાતે શોર્ટ ટર્મિનેટ કરાયેલી ટ્રેનો

- હઝરત નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ ઓગસ્ટ ક્રાંતિ રાજધાની (12954)
- હઝરત નિઝામુદ્દીન-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ (12910)
- હાપા-મુંબઈ સેન્ટ્રલ એસી દુરંતો (12268)
- ભાવનગર ટર્મિનસ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ (12972)

### સુરતથી મુંબઈ...

કલાકની નિયંત્રિત ઝડપે પુન: શરૂ કરવામાં આવ્યો છે. સંજાણ યાર્ડ ખાતેના બ્રિજ નંબર 230 પર પાણીનું સ્તર વધી જતાં સવારે 06:45 વાગ્યાથી તેમજ ઉદવાડા-વાપી વચ્ચેના બ્રિજ નંબર 284 પર પાણી ભયજનક સપાટીને અડકી જતાં સવારે 07:05 વાગ્યાથી અપ અને ડાઉન લાઇન પર ટ્રેનોની અવરજવર કામચલાઉ ધોરણે સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવી હતી.

### નવસારી, વાપી,...

આવી છે. આ ઉપરાંત, વલસાડ નાઈટ બસ સેવાને પણ નિયંત્રિત કરી દેવાઈ છે. બીજી તરફ, માંડવી-વ્યારા, અંકલેશ્વર, સોનગઢ અને ઉનાઈ તરફના વિસ્તારોમાં પણ બસ વ્યવહાર ખોરવાયો છે. ખાસ કરીને ઉમરપાડાથી સેલંબા રૂટ પર બસો કંટ્રોલ કરવામાં આવી છે, જેના કારણે માંડરોઈ, કોબા, મોરથાણ, કણભીપારડી અને જીનોદ જેવા ગામો તરફ જતી-આવતી એસ.ટી. બસોને અસર પહોંચી છે. રસ્તાઓ પર પાણી ફરી વળવાને કારણે મહુવા-અનાવલ રૂટ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.

### સુરત જિલ્લામાં કયા રસ્તા બંધ?

| તાલુકા | બંધ રસ્તાની સંખ્યા |
|---|---|
| ચોર્યાસી | 12 |
| ઓલપાડ | 52 |
| કામરેજ | 06 |
| પલસાણા | 23 |
| બારડોલી | 37 |
| મહુવા | 19 |
| અંબિકા | 31 |
| માંડવી | 16 |
| અરેઠ | 08 |
| માંગરોળ | 20 |
| ઉમરપાડા | 07 |
| કુલ | 231 |

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | ૬ | | | ૨ | |
| ૫ | | ૨ | ૧ | | | | | |
| | | ૧ | | ૮ | | ૫ | | ૯ |
| | | ૮ | | ૭ | ૯ | | ૩ | |
| ૭ | | ૩ | | ૪ | | ૯ | ૫ | ૮ |
| ૧ | ૯ | ૬ | | ૫ | | | | ૪ |
| ૨ | | ૪ | ૯ | ૧ | | ૭ | | |
| ૬ | | ૫ | | ૩ | | | ૯ | ૨ |
| | ૮ | | | | ૪ | ૬ | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

#### માનસિક સ્વાસ્થ્ય

એક પરંપરાગત માન્યતા છે અને અમને નાનપણમાં સવારે ઊઠતાં જેનું આકર્ષણ રહેતું. રોજ સવારે પાંચ બદામ, બે અખરોટ અને દશ- બાર લાલ દ્રાક્ષ બરાબર ચાવીને ખાવી. એંસી વર્ષેય એમાં કોઈ ફેરફારની આવશ્યકતા મને જણાતી નથી. સિવાય કે હવે રાત્રે ભીંજવી સવારે ખાઈએ છીએ.

### શબ્દગુંફન - ૭૨૪૮ અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
1. સાસરું (5)
4. કૃપા દાખવનાર (3)
6. પ્રથા, ધારો (2)
7. અવસ્થા, સ્થિતિ (2)
9. દોરડા પર નાચનાર (2)
11. નમેલું
12. દુ:ખ, પીડા (2)
13. કીચડ (3)
14. એક વજન (2)
15. દાણાદાર લોટ (2)
16. પગથિયાંવાળો કૂવો (2)
17. પાણી પીળાની ઈચ્છા (3)
18. પાપ (2)
19. જાસૂસ (2)
20. મીઠું, નમક (3)
22. કેળવણી, શિક્ષણ (3)
24. વિજય (2)
25. દરિયો (3)
26. ફરિયાદ (2)
27. એક મીઠી વાની (2)
28. રસ્તે સાથે ચાલનાર (4)
30. પ્રીતિ (2)
31. એક જાતનું કાપડ (2)
32. રહેવાનું સ્થળ -
33. પાંદડું, પાન (2)

**ઊભીચાવી**
1. શ્વાસ લેવો તે (3)
2. લોહી, રાતું (2)
3. લીલું (3)
4. ધૂળનો કણ (4)
5. મોટું (2)
8. ઓરતો, સુખાનુભાવ (3)
10. મજબુતાઇ (3)
11. નવલું, નવું (4)
14. સાથે મળીને થતી ચર્ચા (4)
15. લડાઈનું વાહન (2)
16. કથા, કહાણી (3)
18. ઈશારો, સૂચન (4)
19. કુંદન, સોનું (2)
21. દેવ-દેવીએ આપેલું વચન (4)
23. લીલા રંગનું એક રત્ન (3)
24. પ્રાણ, જાન (2)
26. રસ્તો (2)
27. ઠંડુ, ટાઢું (2)
28. હરખ, આનંદ (2)
29. એક પ્રકારનું વીરરસનું કાવ્ય (2)
30. સોનું (2)
31. છેક જૂનું, ઘસાઈ ગયેલું (2)

### આજનું પંચાંગ

**તા. 24/07/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: દસમ: 09:14 પછી એકાદશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ : 02
**યોગ :** શુકલ **કરણ:** વણિજ **નક્ષત્ર :** અનુરાધા : 28:31 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવી.
**રાશિ:** વૃશ્ચિક (ન.ય.) **દિવસ :** શુભ પુનર્યાત્રા
**સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19 **નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 14મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુકાળ:** સવારે 10.30 થી 12.00 સુધી

### આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ચોર લૂંટારુથી સાવધાન, નોકરીમાં જવાબદારી અને ધંધામાં આવક વધશે. અચાનક ખર્ચા વધશે.
**વૃષભ (બ,વ,ઉ,):** પ્રવાસનાં કામમાં પ્રગતિ થાય. કોર્ટ, કચેરીમાં મદદ મળે. આવક વધારવાની યોજના પાર પડશે.
**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં પ્રગતિ થાય. નવી નોકરીની તક મળશે. સરકારી યોજનામાં લાભ મળે. હરીફો હેરાન કરશે.
**કર્ક (ડ,હ,):** આવક વધે. શેર બજારમાં તક મળે. મિત્રોનો સાથ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને મદદ.
**સિંહ (મ,ટ,):** સ્ત્રી વર્ગ ઘર કામમાં સાવધાન રહેવું. સહકર્મીઓનો સાથ મળે. બહારનાં કામમાં પ્રગતિ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** ભાઈ બહેનોનો સાથ મળે. સ્વાર્થી લોકોથી દૂર રહેવું. અચાનક નવી તક મળે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે.
**તુલા (ર,ત,):** આર્થિક બાબતે સાવધાની રાખવી. પારિવારિક ધંધામાં નવી યોજના બને. સંતાનોનાં કામની યોજના બને.
**વૃશ્ચિક (ન,ય,):** દોડધામ વધશે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદ ટાળવો. સમાજ પરિવારમાં માન વધશે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** સખત દોડ-ધામ રહે. લેવડ-દેવડમાં સાવધાની કામમાં વિલંબ થાય. માનસિક અશાંતિ રહે. પ્રવાસ થાય.
**મકર (ખ,જ,):** નવાં રોકાણ થાય. શેર, બજારમાં લાભ થાય. અચાનક નવી તક મળે.આવક વધે. મિત્રોનો સાથ મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં યશ મળે. ધંધામાં આવક વધે. નવા કામમાં આત્મવિશ્વાસ રહે. સમાજમાં યશ મળે.
**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. મિત્રોનો સાથ મળે. પરિવારની સમસ્યાનું નિરાકરણ થાય. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 24 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારશે. કામમાં નવા ફેરફારથી જવાબદારી સ્થાનફેર અને દોડધામ વધશે. નોકરી-ધંધા સમાજ વગેરેમાં હરીફો વધે.આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. સમાજમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. સમાજ-પરિવાર કૌટુંબિક કામમાં યશ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી અટકે નવાં ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. સરકારી નીતિઓ દોડધામ વધારે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડે. સંતાનોનાં કામ. અભ્યાસ કેરીયરમાં મિત્રો-વડીલોની મદદથી રાહત રહે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળશે. એપ્રિલ-મે-સપ્ટેમ્બર -ઓક્ટોબર, શુક્ર શનિવાર, 06, 15, 24 તારીખે નવા કામ કરવા સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ ઓગસ્ટ, બુધવાર 01, 10, 19, 28 તારીખે નવા કામ ટાળવાં ભૂરો ગ્રેકલર ઓછો વાપરવો શુક્રવારનાં ઉપાયગ કરતા રહેવું.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**ખુશાલભાઈ જ્વેલર્સને** જોઈએ છે. સેલ્સમેન / સેલ્સગર્લ. અનુભવીને પહેલી પસંદગી. લાયકાત ધરાવતા ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO: 8160859341 (220)

**તાત્કાલિક શિક્ષકની** જરૂર છે સવારપાળી અંગ્રેજી માધ્યમમાં ધોરણ 1થી 5માં ભણાવી શકે તેવા તથા બપોરપાળી ગુજરાતી માધ્યમમાં ધોરણ 9થી 12 ગુજરાતી ECO, BA, ENGLISH, SS,ગુજરાતી ભણાવી શકે તેવા ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો (બપોરપાળીમાં વિઝિટર શિક્ષક પણ ચાલશે) શ્રી ભગવતી વિદ્યાલય, A/5 પારસ સોસાયટી કતારગામ રોડ, સુરત,

**ઉધના ઓફિસ** માટે, એકાઉન્ટિંગ અને કોમ્પ્યુટર વર્ક માટે બહેનો જોઈએ છે. સંપર્ક: 9725127784

**જોઈએ છે** ઈન્કમટેક્ષ જી.એસ.ટી અને માર્કેટીંગ માટે ઓફિસ સ્ટાફ કતારગામ સુરત. મો. 9909660880

**મોટા વરાછા** સ્થિત પરફ્યુમ મેન્યુફેક્ચરિંગ યુનિટ માટે પેકેજિંગનું કામ કરવા યુવકની જરૂર છે. 9316472967

**જોઈએ છે** D.T.P કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ થી ૧૫ વર્ષનો અનુભવ જરૂરી. મો. 8530550016

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**મિલ્કત વેચવાની છે**

**સુરત ડાયમંડ બુર્સ** ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે** જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**રેમન્ડ 3 પેન્ટપીસ** માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ** રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદરાનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 9/9, 22/9, 6/10. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11. (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. (નોંધ: દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.)

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.** 380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે | 460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફલોર, બિસલ સર્કલ પાસે 9712979399

**ક્ષેત્રપાળ ટૂર્સ.** (ઓગસ્ટ, સપ્ટેમ્બર અને દિવાળી વેકેશન પ્રવાસો) (ભુતાન 07 રાત્રી 08 દિવસ. જતા- આવતા ફ્લાઈટ 09-09) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 15-08, 31-08) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 05-09, 12-11) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, મદુરાઈ, રામેશ્વર, તિરૂપતિ 14-08) (હૈદરાબાદ રામોજી, શ્રીશૈલમ 15-08, 13-09, 14-11) (નેપાળ, પોખરા, કાઠમંડુ, મુક્તિનાથ 06-09, 13-11) (વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 27-09) (સ્પેશિયલ કેરાલા 07-11, 14-11) સુરેશભાઈ પુરોહિત. 9825105053

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.